# એઝરા : ઈશ્વરના લોકોમાં જાગૃતિ લાવનાર

પવિત્ર આત્મા વડે મંડળીનું તાજા થવું અને વ્યક્તિગત બદલાણ.

જેઓ બાળકોને શીખવાડે છે તેઓ R2b ને વાંચી અભ્યાસ કરે.




**૧. એઝરાએ જેમ કર્યું તેમ, તમારૂં મન અને હૃદય ઈશ્વરના વચન માટે તૈયાર કરો.**

ઈશ્વર પાસે માંગો કે તે તમને અને વિશ્વાસ કરનારાઓને પવિત્રઆત્મા વડે દોરે અને રોજ તાજાં કરે.

તમારી અને વિશ્વાસીઓની જીંદગી બદલાનાર શક્તિ પવિત્ર આત્મા આપે

સર્વ શક્તિમાન ઈશ્વર તમને નવા કરતા અટકાવનાર વાતો બતાવે. આ વાતોની કબુલાત કરો.

ઈસુના જન્મ પહેલાં ૪૦૦ વર્ષ પૂર્વે, એઝરા અને તેના સાથીઓએ ઈસ્ત્રાએલ લોકોને તેમના પ્રથમ લાંબી રાષ્ટ્રિય જાગૃતિમાં દોર્યા. જુના કરારના કડક નિયમોમાં તેઓ હજી પણ જીવતા હતા. મૂર્તિપૂજકોમાં પરણવાનું તેમના પાપોમાંનુ એક મુખ્ય પાપ હતું.

એઝરા અને તેના લોકોએ શું કર્યું તે શોધો. **એઝરા ૯:૧--૧૦:૬** વાંચો.

- એઝરા ૯:૫-૭ અને ૧૩-૧૫ એઝરાની કબુલાતની પ્રાર્થના કેવી ગંભીર હતી.
- એઝરા ૧૦:૧ માં શોધો લોકોએ તેમનું દુઃખ કેવી રીતે વ્યક્ત કર્યું.
- એઝરા ૧૦:૨-૩ લોકોએ શું કરવું તે વિષે શખાન્યાહે શું સુચવ્યું.

**નહેમ્યાહ ૮:૧-- ૯:૩ માં વાર્તા ચાલુ રહે છે.**

ઈશ્વરના લોકો ઘણાં શહેરોમાંથી ભજન કરવા એકઠા થયા.

- નહેમ્યાહ ૮:૧-૩ ઈશ્વરના વચનોને માન આપવા લોકોએ શું કર્યું તે શોધો.
- નહેમ્યાહ ૮:૫-૬માંથી ત્રણ શારિરીક સ્થિતિ ભક્તોએ લીધી તે શોધો.
- એઝરા એકલો શીખવ્યું નથી. **નહેમ્યાહ ૮:૭-૮**માંથી બીજા શિક્ષકોએ પણ શું કર્યું તે શોધો.
- નહેમ્યા ૮:૯ માંથી જ્યારે લોકોએ સાંભળ્યું ત્યારે તેમણે શું કર્યું તે શોધો.
- નહેમ્યા ૯:૧-૩માંથી લોકોએ શાની કબૂલાત કરી તે શોધો.

નવો કરાર પણ જાગૃતિ વિષે કહે છે.

- યોહાન ૩:૧-૬માંથી નવા જન્મની શરૂઆત કેવી રીતે આપણાં જીવનોમાં થાય છે તે શોધો.
- કોરંથી ૫:૧૭માંથી દરેક વિશ્વાસીના જીવનમાં ઈશ્વર કઈ વસ્તુ નવી કરે છે તે શોધો.
- યોહાન ૧:૮-૧૦ ઈશ્વર સમક્ષ ચોખ્ખા રહેવા માટે પાપોનું શું કરવું તે શોધો.

- ૧ પિત્તર ૨:૧-૩ બે વાર્તા આપણે કરવી જોઈએ તે શોધો.
- રૂમી ૧૨:૧-૨માંથી બે વાત આપણે કરવી જોઈએ તે શોધો.

**મુખપાઠ કરો :** ગીતશાસ્ત્ર ૫૧ : ૯ -૧૦ માં દાઉદની પસ્તાવાની પ્રાર્થના

**૨. અઠવાડીયા દરમ્યાન તમારે અને તમારા સાથી કામદારોએ શું કરવું તેનું આયોજન કરો.**

- ઈસ્ત્રાએલીઓએ જે કર્યું તેવું તમારા ક્ષેત્રોમાંની બીજી મંડળીઓમાં કરવાનું આયોજન કરો. ઈશ્વર તરફથી આનંદભરી જાગૃતિ માટે કબૂલાત અને ભજન માટે ભેગા મળવાનું આયોજન કરો.
- જે વિશ્વાસઓનો વિશ્વાસ ઠંડો પડી ગયો છે. તેવાઓની મુલાકાત લો. અને ઈસુમાં પવિત્રઆત્મા દ્વારા તેમને તાજગી પામવામાં મદદ કરો.




આ રડતી સ્ત્રીને તમે શું કહેશો ?

**૩. આગામી ભક્તિસભા માટે તમારા સાથી કાર્યકરો સાથે આયોજન કરો**

એઝરાની વાર્તા વાંચવા માટે કોઈકને તૈયાર કરો તેઓ તે યાદ કરી કહે અથવા ભજવી લખાવે.

ભાગ-૧ એઝરા અધ્યાય ૮ અને ૯ માં તેમને શું મળ્યું તે અંગે પ્રશ્નો પૂછો.

દરેક ને પ્રાર્થના કરી તેમના પાપો કબુલ કરવા માટે આમંત્રણ આપો. તેમના ખાનગી પાપો જેવાકે વ્યભિચાર અંગે તેમને ધીમેથી પ્રભુ સમક્ષ કબુલ કરવા માટે કહો.

નવો જન્મ પામવા માટે તેઓએ શું કરવું તે સમજાવો. એઝરાએ તેના લોકોને જેવીરીતે દોર્યા તેવી રીતે ઈશ્વરના લોકો કરે.

- ઈશ્વરના વચનો કાળજીપૂર્વક સાંભળો અને તેને માનો.
- પવિત્રઆત્માની મદદ વડે ઈશ્વર આગળ પાપો કબૂલ કરો. અને પાપોથી પાછા ફરો.
- ખ્રિસ્ત મારફતે દરરોજ નવીનકરણ થાય તે માટે એકબીજા સાથે અને ઈશ્વર સાથે ગંભીર અને આ બાબતો કબૂલ કરી ગંભીર કરાર કરો.
- ઈશ્વર તેમનું બદલાણ કરે તે માટે વિશ્વાસીઓને ગંભીર કરાર કરો.
- કરાર શું છે.તેની ચર્ચા કરો - દરેક જણે કરવા જેવો એક ગંભીર કરાર છે.
- એઝરા અને તેના લોકોએ જે કર્યું તેમ એકબીજા અને ઈશ્વર સાથે કરે તેવું અનુયાયીઓને કહો.
- દરરોજ તમારા પાપો ઈશ્વર આગળ કબૂલ કરો અને પવિત્ર આત્માને હ્રદયનું બદલાણ કરવા દો.
- ૨ કોરંથી ૪:૧૬ યાદ રાખવા દરેકને મદદ કરો. ''એ કારણથી અમે નાહિંમત થતાં નથી; પણ જો કે અમારૂં બાહ્ય મનુષ્યત્વ ક્ષય પામે છે, તો પણ અમારૂં આંતરિક મનુષ્યત્વ રોજ રોજ નવું થતું જાય છે. યોશિયા રાજા એ કેવી રીતે પ્રાચીન ઈસ્ત્રાએલ પ્રજા તેની વાર્તા અથવા નાટક ભજવવાની બાળકોના શિક્ષક સાથે વ્યવસ્થા કરો.
  પ્રભુભોજનની શરૂઆત કરતાં,
  એઝરા ૬:૧૯-૨૧માં શું બન્યું ટૂંકમાં સમજાવો.
- તેમણે પાસ્ખા હલવાન ખાઈને ઉજવણી કરી. ખ્રિસ્ત આપણું આજે હલવાન છે.
- પ્રથમ યાજકો ધાર્મિક વિધિ પ્રમાણે નાહ્યાં. આજે આપણે આપણા પાપોની કબુલાત કરી શુધ્ધ (ચોખ્ખા) થઈએ છીએ.

નાસ્તિક પડોશીઓની ભુંડી રીતભાતોથી લોકોએ જાતે છુટકારો પામ્યા કે જેથી કરીને પાસ્ખા ખાણાં માટે યોગ્ય થાય. આજે આપણે એકબીજા પ્રત્યે પ્રેમ દેખાડીને પ્રભુ ભોજન લઈએ છીએ.